# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-8-2024 Evening : 7.50 to 8.00 PM
Day : Monday National News

આકાશવાણી- સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

- હિંસાગ્રસ્ત બાંગલાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ રાજીનામું આપીને દેશ છોડ્યો
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ફિજિની બે દિવસની મુલાકાતે પહોંચ્યા
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના લોકો માટે કામ કરતી રહેશે અને આવનારા સમયમાં તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરશે.
- અમેરિકામાં મંદીનાં ભયને પગલે સેન્સેક્સ અને નિફ્ટીમાં અઢી ટકાથી વધનો ઘટાડોઃ રોકાણકારોની સંપતિમાં 16 લાખ કરોડ રૂપિયાનું નુકસાન.
- પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય મહિલા ટેબલ ટેનિસ ટીમે રોમાનિયાને પરાજય આપીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો – કુશ્તીમાં નિશા દહિયા પણ કવાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## BAGLADESH PM

બાંગલાદેશમાં અનામતના વિરોધમાં છેલ્લાં કેટલાંક દિવસથી ચાલી રહેલા વિદ્યાર્થીઓનાં હિંસક આંદોલન વચ્ચે શેખ હસીનાએ પ્રધાનમંત્રી પદ પરથી રાજીનામું આપીને દેશ છોડી દીધો હોવાનાં અહેવાલ છે.શેખ હસીના લશ્કરનાં હેલિકોપ્ટરમાં

રવાના થયા હતા. લશ્કરના વડા જનરલ વકાર-ઉઝ-ઝમાને આજે જાહેરાત કરી હતી કે, દેશમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવશે.

બાંગલાદેશના માધ્યમોના અહેવાલ પ્રમાણે ઢાકામાં પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાન ગોનોભબન પર સેંકડો દેખાવકારોનું ટોળું ધસી આવ્યા બાદ પ્રધાનમંત્રી હસીના સલામત સ્થળ માટે રવાના થયા હતા. ઉલ્લેખનીય છે કે રવિવારે પોલિસ અને દેખાવકારો વચ્ચેની અથડામણમાં આશરે 100 વ્યક્તિનાં મૃત્યુ થયા હતા અને એક હજારથી વધુ લોકોને ઇજા થઈ હતી.

એર ઇન્ડિયાએ ઢાકા આવતી જતી તમામ ફ્લાઇટ્સ તાત્કાલિક અસરથી નાબૂદ કરી છે. સરહદ સલામતી દળે આજે જણાવ્યું હતું કે, ભારત-બાંગલાદેશ સરહદ પર હાલમાં સામાન્ય સ્થિતિ છે.

1971માં લોહિયાળ નાગરિક યુધ્ધમાં પાકિસ્તાનમાંથી બાંગલાદેશને મુક્ત કરાવનાર સ્વતંત્રતા સેનાનીઓનાં વંશજો માટે સરકારી નોકરીઓમાં 30 ટકા અનામત સામે વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. દેખાવકારોની દલીલ છે કે આ પ્રથા ભેદભાવભરી છે અને શેખ હસીનાના પક્ષ અવામી લીગનાં ટેકેદારોની તરફેણ કરે છે.

## DRAUPADI MURMU FIJI VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ફિજિની બે દિવસની મુલાકાતે નાદી ખાતે આવી પહોંચ્યા હતા. ફિજિના નાયબ પ્રધાનમંત્રી વિલિયેમ ગાવોકા અને ફિજિમાં ભારતના હાઇ કમિશનર પી એસ કાર્થિયેગાને તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મુ આવતી કાલે અને બુધવારે સુવા અને નાદીમાં સત્તાવાર કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ ફિજિની સંસદને પણ સંબોધશે.

તેઓ 8 અને 9 ઓગસ્ટનાં રોજ ન્યુઝીલેન્ડની મુલાકાતે જશે

## ARTICLE 370

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના લોકો માટે કામ કરતી રહેશે અને આવનારા સમયમાં તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આજે 5મી ઓગસ્ટે સંસદે કલમ 370 અને 35(A) નાબૂદ કરવાનો નિર્ણય લીધો હતો, જે દેશના ઈતિહાસમાં એક યાદગાર ક્ષણ હતી. શ્રી મોદીએ જણાવ્યું કે, જમ્મુ કાશ્મીર અને લડાખમાં આ પ્રગતિ અને સમૃધ્ધિના નવા યુગનો પ્રારંભ હતો. બંધારણની રચના કરનાર મહાન લોકોનાં અભિગમને અનુરુપ રાજ્યમાં ભારતીય બંધારણનો શબ્દશઃ અમલ કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે, કલમ 370ની નાબુદીથી મહિલાઓ, યુવાનો, પછાતો, આદિવાસી સમુદાયોને સલામતી, ગરિમા અને તકો મળી છે. દાયકાઓથી જમ્મુ કાશ્મીરમાં ફેલાયેલો ભ્રષ્ટાચાર પણ નાબૂદ થયો છે.

## LS UNORGANISED PENSION

શ્રમ અને રોજગાર મંત્રાલયે માહિતી આપી છે કે જુલાઇ મહિનાના અંત સુધીમાં, અસંગઠિત ક્ષેત્રના 50 લાખથી વધુ કામદારોએ પ્રધાનમંત્રી શ્રમ યોગી માન-ધન (PM-SYM) યોજના માટે નોંધણી કરાવી છે. આ યોજના ફેબ્રુઆરી 2019 માં 18 થી 40 વર્ષની વય જૂથમાં અસંગઠિત ક્ષેત્રના કામદારોને વૃદ્ધાવસ્થા સુરક્ષા પ્રદાન કરવા માટે શરૂ કરવામાં આવી હતી. એક લેખિત પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શોભા કરંદલાજેએ જણાવ્યું હતું કે, હરિયાણામાં સૌથી વધુ કામદારો નોંધાયા છે. શ્રીમતી કરંદલાજેએ જણાવ્યું કે હરિયાણામાંથી 8 લાખ 25 હજારથી વધુ અસંગઠિત કામદારો, ઉત્તર પ્રદેશમાંથી 6 લાખ 8 હજારથી વધુ અને મહારાષ્ટ્રમાંથી 6 લાખ 1 હજારથી વધુ અસંગઠિત કામદારોએ આ યોજના હેઠળ નોંધણી કરાવી છે.

## AGRICULTURE DEMANDS

સરકાર આગામી પાંચ વર્ષમાં પર્યાવરણ માટે સાનુકુળ પાકની એક હજાર 500 નવી જાત વિક્સાવવા પર કામ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી દિવસોમાં આવી 109 નવી જાત સમર્પિત કરશે. રાજ્યસભામાં કૃષિ મંત્રાલયની કામગીરી પર ચર્ચાના જવાબમાં કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં 18 હજાર કરોડ રૂપિયાનાં ખર્ચે 100 નિકાસકેન્દ્રી હોર્ટિ ક્લસ્ટર્સ વિક્સાવવામાં આવશે. તેમણે કૃષિને નફાકારક બનાવવા સર્વગ્રાહી અભિગમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ખાતરના વધુ પડતા ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો.

## SENSEX

અમેરિકામાં મંદીનાં ભયને પગલે સોમવારે ભારતના ઇક્વિટી સૂચકાંકોમાં તીવ્ર ઘટાડો થયો હતો. સેન્સેક્સ 2 હજાર 222 પોઇન્ટ ઘટીને 78 હજાર 759 અને નિફ્ટી 662 પોઇન્ટ ઘટીને 24 હજાર 55 પર બંધ રહ્યો હતો. શેરબજારમાં તીવ્ર કડાકાને પગલે રોકાણકારોને 16 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ-બીએસઇનું માર્કેટ કેપિટલાઇઝેશન ઘટીને 441 લાખ કરોડ રૂપિયા થયું હતું.

## KEJRIWAL

દિલ્હી વડી અદાલતે કથિત આબકારી નીતિ કૌભાંડમાં સીબીઆઇ દ્વારા પોતાની ધરપકડને પડકારતી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી ફગાવી દીધી

હતી. ન્યાયમૂર્તિ નીના બંસલ કૃષ્ણાની બેન્ચે મુખ્યમંત્રી કેજરીવાલને વચગાળાનાં જામીનની માંગ કરતી અરજી સાથે નીચલી અદાલતમાં જવા જણાવ્યું હતું.

## IAF- TARANG SHAKTI

ભારતીય હવાઈ દળ આવતી કાલે તામિલનાડુના સુલાર ખાતે તેની સૌ પ્રથમ બહુરાષ્ટ્રીય હવાઇ કવાયત તરંગ શક્તિ 2024ની યજમાની કરશે. 14 ઓગસ્ટ સુધી ચાલનારી આ કવાયતમાં આશરે 30 દેશો ભાગ લશે અને તેમાંથી 10 દેશો તેમનાં લડાકુ વિમાનો સાથે કવાયતમાં જોડાશે. આ કવાયત બે તબક્કામાં યોજાશે, જેનો હેતુ સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની નિપુણતા પ્રદર્શિત કરવાનો અને સહભાગી લશ્કરી દળોને આંતર કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે મંચ પૂરો પાડવાનો છે.

એર સ્ટાફના નાયબ વડા એર માર્શલ એપી સિંઘે જણાવ્યું કે, કવાયતનો બીજો તબક્કો જોધપુરમાં 29 ઓગસ્ટથી 14 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે.

## WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાત અને મહારાષ્ટ્રમાં અને આગામી બે દિવસ માટે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિબાગે જમ્મુ કાશ્મીર, પૂર્વ ઉત્તરપ્રદેશ, હરિયાણા, પંજાબ અને તામિલનાડુમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે.

## HIMACHAL LANDSLIDE

હિમાચલ પ્રદેશના સિમલા, મન્ડી અને કુલ્લુ જીલ્લામાં તાજેતરમાં આભ ફાટવાની ઘટનાઓમાં ગુમ થયેલાઓની શોધખોળ આજે પાંચમા દિવસે પણ ચાલુ રહી હતી. આજે સિમલા જિલ્લા પાસે ડોગરીમાંથી વધુ બે શબ મળી આવ્યા છે. અમારા સંવાદદાતા જણાવે છે કે રાજ્યમાં આભ ફાટવાની ઘટનાઓમાં લગભગ 40 લોકો હજુ પણ લાપતા છે,

કુલ્લુ જિલ્લામાં બ્યાસ નદીનાં વધતા જતા જળ સ્તરને કારણે બંધ કરવામાં આવેલો કુલ્લુ-મનાલી રાષ્ટ્રીય ધોરી માર્ગ કાલે સાંજે વાહનોની અવરજવર માટે પુનઃ ખોલવામાં આવ્યો છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં ભારે વરસાદનું યલો એલર્ટ જારી ક્યું છે.

## OLYMPIC

પેરિસ ઓલિમ્પિકમાં, આજે 11મા દિવસે ભારતની મહિલા ટેબલ ટેનિસ ટીમે ઇતિહાસ રચ્યો હતો. મનિકા બત્રા, શ્રીજા અકુલા અને અર્ચના કામથની ટીમે રોમાનિયાને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. મનિકા બત્રા તેની બંને સિંગલ્સ મેચ જીત્યાં અને શ્રીજા અકુલ અને અર્ચના કામતે ડબલ્સ મેચમાં વિજય મેળવ્યો. કુશ્તીમાં નિશા દહિયા  યુક્રેનનાં પહેલવાનને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા છે.

આજે એથ્લેટિક્સમાં કિરણ પહલ મહિલાઓનાં 400 મીટર રાઉન્ડ એકમાં અને એશિયમ ગેમ્સનાં સુવર્ણચંદ્રક વિજેતા અવિનાશ સાબલે 300 મીટર સ્ટેપલ ચેઝ માટે ક્વોલિફાય થવા રમશે. કુશ્તીમાં નિશા દહિયા મહિલાઓનાં 68 કિલો વજન વર્ગ ફ્રી-સ્ટાઇલ પ્રી-ક્વાર્ટર્સમાં રમશે. ચંદ્રકોનાં ટેબલમાં ચીન 21 સુવર્ણ, 16 રજત અને 12 કાંસ્ય ચંદ્રક સાથે પ્રથમ ક્રમે છે. અમેરિકા બીજા અને ફ્રાન્સ ત્રીજા ક્રમે છે. જ્યારે ત્રણ કાંસ્ય ચંદ્રક સાથે ભારત ત્રીજા ક્રમે છે.

## LPG

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ આજે રાજ્યસભામાં માહિતી આપી હતી કે આ વર્ષે 1લી જુલાઈના રોજ દેશમાં 32કરોડ 68 લાખ સ્થાનિક એલપીજી ગ્રાહકો છે. એક લેખિત જવાબમાં, શ્રી ગોપીએ જણાવ્યું હતું કે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ, OMC પાસે  રિફિલ્સનો સતત પુરવઠો સુનિશ્ચિત કરવા

અને નવા LPG કનેક્શન માટે, હાલમાં 50 કરોડથી વધુ સિલિન્ડરો ચલણમાં છે જે મુખ્યત્વે સ્ટીલ સિલિન્ડર છે. તેમણે કહ્યું કે OMC નિયમિતપણે નવા સિલિન્ડરોની ખરીદી માટે ટેન્ડર બહાર પાડે છે.

અન્ય એક પ્રશ્નના જવાબમાં શ્રી ગોપીએ જણાવ્યું હતું કે ભારત તેના સ્થાનિક એલપીજી વપરાશના લગભગ 60 ટકા આયાત કરે છે.